# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-11-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

***************************************************

1. **પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં અખિલ ભારતીય પોલીસ મહાનિદેશકો અને મહાનિરીક્ષકોની બેઠક ચાલી રહી છે.**
2. **માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું-ભારત ટૂંક સમયમાં વિશ્વમાં અગ્રણી સેમિકન્ડક્ટર ઉત્પાદક બનશે.**
3. **DGCA એ એરબસ A-320 વિમાનોમાં તાત્કાલિક સુધારા કરવાનો આદેશ આપ્યો - જરૂરી સલામતી ફેરફારો પૂર્ણ ન કરાય ત્યાં સુધી A-320 વિમાનની તમામ ઉડાનો સ્થગિત કરાઇ**
4. **ચક્રવાત દિતવાહ તમિલનાડુના દરિયાકાંઠા તરફ આગળ વધ્યું- આવતીકાલે ઉત્તર તમિલનાડુ , પૂડુંચેરી અને દક્ષિણ આંધ્રપ્રદેશના દરિયાકાંઠે પહોંચવાની સંભાવના**
5. **ઇન્ડોનેશિયામાં, આચેહ, ઉત્તર અને પશ્ચિમ સુમાત્રામાં સુનામી, ભૂકંપ અને પૂરથી મૃત્યુઆંક વધીને 248 થયો-100થી વધુ લોકો લાપતા.**

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM - RAIPUR-DGP-IGP-CONF

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે છત્તીસગઢમાં 60માં અખિલ ભારતીય પોલીસ મહાનિદેશકો અને મહાનિરીક્ષકોના સંમેલનની અધ્યક્ષતા  કરી રહ્યાં છે. પ્રધાનમંત્રી આજે અને આવતીકાલે આયોજિત વિવિધ સત્રોમાં ભાગ લેશે.

સાંભળીએ એક અમારા સંવાદદાતાનો અહેવાલ...

## બાઈટ - DURGA-PRASAD

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કોન્ફરન્સનું ઉદ્ઘાટન કર્યું. કોન્ફરન્સને સંબોધતા , તેમણે દેશને આધુનિક જોખમોથી બચાવવા માટે ગુપ્ત માહિતીની ચોકસાઈ , હેતુની સ્પષ્ટતા અને કાર્યવાહીના સંકલનના મહત્વનો પુનરોચ્ચાર કર્યો. તેમણે કહ્યું કે આ કોન્ફરન્સમાં ચર્ચાઓ   'વિકસિત ભારત '  તરફ પોલીસિંગ માટે રોડમેપ તૈયાર કરવામાં મદદ કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 128મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક , આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર , દૂરદર્શન સમાચાર , પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PUNJAB ASHWINI-VAISHNAV

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે ભારત ટૂંક સમયમાં વિશ્વમાં અગ્રણી સેમિકન્ડક્ટર ઉત્પાદક બનશે.

તેમણે કહ્યું કે મોહાલીમાં સેમિકન્ડક્ટર તાલીમ પ્રયોગશાળા આ ક્ષેત્રમાં મુખ્ય ભૂમિકા ભજવશે. શ્રી વૈષ્ણવે ગઈકાલે મોહાલી પ્રયોગશાળામાં સેમિકન્ડક્ટર પ્રોસેસ ગેલેરી અને પારંગત  સેમિકન્ડક્ટર તાલીમ પ્રયોગશાળાનું ઉદ્ઘાટન કર્યું.

આ પ્રસંગે તેમણે જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ભારત સેમિકન્ડક્ટર મિશનના વિઝન હેઠળ , પંજાબમાં 4 હજાર 500 કરોડ રૂપિયાના રોકાણ સાથે સુવિધાને અપગ્રેડ કરવામાં આવશે.

શ્રી વૈષ્ણવે પંજાબ સરકારને સંસ્થાના વિકાસ માટે 25 એકર જમીન પૂરી પાડવા વિનંતી કરી હતી.

## બાઈટ – અશ્વિની વૈષ્ણવ

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# DGCA - AIRBUS GLITCH

ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન - **DGCA** એ જરૂરી સલામતી ફેરફારો પૂર્ણ ન કરાય ત્યાં સુધી **A-320** વિમાનની તમામ ઉડાનો સ્થગિત કરવાનો આદેશ આપ્યો છે.

સુનિશ્ચિત નિરીક્ષણ અને સમારકામ પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી એરલાઇન્સ એરબસ A318, A319, A320 અને A321 વિમાનોનું સંચાલન કરી શકશે નહીં.એરબસે વિશ્વભરમાં તેની હજારો A320 ફલાઇટમાં તાત્કાલિક સમારકામનો આદેશ આપ્યો છે . આનાથી વિશ્વભરમાં આશરે 6,000 વિમાનોને અસર થશે.

ભારતીય એરલાઇન ઓપરેટરો ઇન્ડિગો અને એર ઇન્ડિયા સાથે મળીને આ શ્રેણીમાં **350** થી વધુ વિમાનોનું સંચાલન કરે છે. એર ઇન્ડિયાએ એક નિવેદનમાં જણાવ્યું છે કે તેના એન્જિનિયરો વિશ્વભરમાં **A320** ફેમિલી એરક્રાફ્ટ પર સોફ્ટવેર અને હાર્ડવેર રિએલાઇનમેન્ટ પૂર્ણ કરવા માટે ચોવીસ કલાક કામ કરી રહ્યા છે.

જે દરમિયાન કેટલીક ફ્લાઇટ્સ થોડી મોડી પડી શકે છે અથવા ફરીથી શેડ્યૂલ થઈ શકે છે. કંપનીએ મુસાફરોને એરપોર્ટ પર જતા પહેલા તેની વેબસાઇટ પર નવીનતમ ફ્લાઇટ સ્થિતિ તપાસવા વિનંતી કરી છે.

દરમિયાન વિમાન ઉત્પાદક કંપની એરબસે આજે તાત્કાલિક સોફ્ટવેર અપડેટ જારી કર્યા પછી, ઓસ્ટ્રેલિયામાં વિવિધ એરપોર્ટ પર મુસાફરો ગભરાટમાં મુકાયા હતા. ઓસ્ટ્રેલિયાની જેટસ્ટાર એરવેઝે લગભગ **90** ફ્લાઇટ્સ રદ અથવા વિલંબિત કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

**. . . . . . . . . . . . .**

# CYCLONE-DITWAH---CHN

શ્રીલંકામાં વિનાશ સર્જ્યા પછી ચક્રવાતી વાવાઝોડું દિટવાહ તમિલનાડુના દરિયાકાંઠા તરફ આગળ વધી રહ્યું છે. હાલમાં તે શ્રીલંકાના દરિયાકાંઠાથી લગભગ 80 કિમી પશ્ચિમમાં સ્થિત છે અને તે 8 કિમી પ્રતિ કલાકની ઝડપે ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધી રહ્યું છે અને કરાઈકલથી 190 કિમી દક્ષિણપૂર્વમાં અને ચેન્નઈથી 440 કિમી દૂર છે. આવતીકાલે વહેલી સવાર સુધીમાં તે ઉત્તર તમિલનાડુ અને દક્ષિણ આંધ્ર કિનારા નજીક દક્ષિણ પશ્ચિમ બંગાળની ખાડી પર પહોંચવાની સંભાવના છે.

ચક્રવાત ને કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં શૈક્ષણિક સંસ્થાઓ બંધ કરી દેવામાં આવી છે અને પરીક્ષાઓ મુલતવી રાખવામાં આવી છે. નીચાણવાળા દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોને સલામત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. NDRF ટીમોને સ્થળાંતર કરવા માટે તૈયાર રાખવામાં આવી છે.

તમિલનાડુમાં હવાઈ અને રેલ સેવાઓ ખોરવાઈ ગઈ છે. મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન મંત્રી થિરુ રામચંદ્રને પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે જિલ્લા કલેક્ટરો સાથે વર્ચ્યુઅલ બેઠક યોજી હતી. વાવાઝોડા પછી ખેતરો અને બોટોને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવામાં આવશે.. લોકોને જળ સંસ્થાઓ કે દરિયા  નજીક ન જવાની સલાહ આપવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# REV-IAF--CYCLONE-DITWAS

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું હતું કે કોલંબોમાં હવાઈ અને દરિયાઈ માર્ગે કુલ 27 ટન રાહત સામગ્રી પહોંચાડવામાં આવી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં , મંત્રીએ જણાવ્યું હતું કે ચક્રવાત દિટ્વાથી પ્રભાવિત સમુદાયોને મદદ કરવા માટે વધુ રાહત સામગ્રી મોકલવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે 80 રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળના કર્મચારીઓ ધરાવતી બે બચાવ ટીમો પણ મોકલવામાં આવી છે.

ભારતીય વાયુસેનાએ જણાવ્યું હતું કે ચક્રવાત દિટ્વા બાદ , ભારતે શ્રીલંકામાં રાહત પ્રયાસોને મજબૂત બનાવવા માટે ઓપરેશન સાગર બંધુ શરૂ કર્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# INDONESIA FLOODS

ઇન્ડોનેશિયામાં, આચેહ, ઉત્તર સુમાત્રા અને પશ્ચિમ સુમાત્રામાં સુનામી , ભૂકંપ અને પૂરથી મૃત્યુઆંક વધીને **248** થયો છે , જ્યારે **100**થી વધુ લોકો હજુ પણ લાપતા છે.

બચાવ કાર્યકરો ઘણા વિસ્તારોમાં પહોંચવા માટે સંઘર્ષ કરી રહ્યા છે , અધિકારીઓ જણાવે છે કે મૃત્યુઆંક વધુ વધી શકે છે. તૂટેલા રસ્તાઓ અને સંદેશાવ્યવહાર લાઇનો તૂટી જવાથી ઘણા વિસ્તારો સંપર્કવિહોણ બન્યા છે.

પુલ તૂટી પડવા અને ભારે સાધનોના અભાવને કારણે પણ બચાવ પ્રયાસોમાં અવરોધ ઉભો થઇ રહ્યો છે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન એજન્સીએ જણાવ્યું હતું કે ગયા અઠવાડિયે થયેલા ચોમાસાના વરસાદને કારણે ઉત્તર સુમાત્રા પ્રાંતમાં નદીઓ છલકાઈ ગઈ હતી. પૂરના કારણે હજારો ઘરો અને ઇમારતો ડૂબી ગઈ હતી. ગુરુવારે આચેહના દરિયાકાંઠે **6.3** ની તીવ્રતાનો ભૂકંપ પણ આવ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# HONG-KONG-FIRE-ARREST

હોંગકોંગમાં, તાઈ પો જિલ્લામાં રહેણાંક સંકુલમાં લાગેલી ભીષણ આગ સંદર્ભમાં વધુ આઠ લોકોની ધરપકડ કરી છે. હોંગકોંગ ભ્રષ્ટાચાર વિરોધી પંચે ઇમારતના સમારકામ અને જાળવણી કાર્ય સાથે સંકળાયેલા સંભવિત ભ્રષ્ટાચારની તપાસ શરૂ કરી છે.

કમિશને જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલા આઠ લોકોમાં એક એન્જિનિયરિંગ કન્સલ્ટન્સીના કર્મચારીઓ , એક સ્કેફોલ્ડિંગ કોન્ટ્રાક્ટર અને એક મધ્યસ્થીનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે હોંગકોંગમાં આ ભીષણ આગમાં 128 લોકોના મોત થયા છે, જ્યારે 200થી વધુ લોકો હજુ પણ ગુમ છે

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MORN-U20-WOMEN-S-FOOTBALL

ભારતની અંડર- 20 મહિલા ફૂટબોલ ટીમ આજે તમિલનાડુના મહાબલીપુરમમાં ઉઝબેકિસ્તાન સામે બે મૈત્રીપૂર્ણ મેચોમાંથી પહેલી મેચ રમશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે 5 વાગ્યે શરૂ થશે.

મુખ્ય કોચે આ બે મેચો માટે 24 સભ્યોની ટીમની જાહેરાત કરી છે , જે 2026ના એએફસી અંડર- 20 મહિલા એશિયન કપ માટેની ભારતની તૈયારીઓનો ભાગ હશે. બીજી મેચ મંગળવારે આ જ મેદાન પર રમાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PRASAR-BHARTI-FREE-DISH

પ્રસાર ભારતી ડીડી ફ્રી ડિશ પ્લેટફોર્મના નવા અપગ્રેડ કરેલા MPEG-4 સ્ટ્રીમ્સ પર લોકપ્રિય પ્રાદેશિક ભાષા ચેનલો શરૂ કરવા પાયલોટ યોજના શરૂ કરી રહી છે.

માહિતી અને પ્રસારણ મંત્રાલયે જણાવ્યું કે, આ પહેલનો ઉદ્દેશ્ય ફ્રી ડિશની પહોંચ વધારવાનો છે, જે પ્રાદેશિક ભાષાઓને પ્રોત્સાહન આપશે. આ પહેલ કન્નડ , તમિલ, તેલુગુ, મલયાલમ, બાંગ્લા, આસામી અને ઓડિયામાં પ્રાદેશિક ચેનલોને પ્રાથમિકતા આપે છે.

આ ઉપરાંત પ્રાદેશિક સમાચાર ચેનલોને પસંદગી મળશે , અને આગામી 31 માર્ચ સુધી સ્લોટ મફતમાં ફાળવવામાં આવશે.

. . . . . . . . . . . . . . . .